# શાળામાં પહેલું વર્ષ શરૂ કરવું

## તમારા બાળકની શાળાની યાત્રા ઘરેથી શરૂ થાય છે



**અમે સમજીએ છીએ કે તમામ બાળકો તેમની પોતાની ગતિએ વિકાસ પામે છે અને આપણે બધા જન્મથી શીખી રહ્યાં છીએ. શાળા શરૂ કરવાનો સમય આવે ત્યારે કેટલાક બાળકોને અન્ય બાળકો કરતાં વધારે મદદની જરૂર પડતી હોય છે.**

એવા કેટલાક મહત્ત્વનાં કૌશલ્યો છે* જે બાળકો તેમના પહેલા દિવસ અગાઉ શીખે તેવી શાળા અપેક્ષા રાખે છે. આ બાબતનો અમલ કરવાથી તમારા બાળકની શાળામાં પહેલા દિવસની યાત્રા શક્ય એટલી સકારાત્મક બને છે.

શાળા શરૂ કરવા માટે તેમને ભાવનાત્મક રીતે અને વ્યાવહારિક રીતે તૈયાર હોવાનું અનુભવવામાં મદદ કરીને તમારા બાળકના આત્મવિશ્વાસ અને સ્વતંત્રતાનું નિર્માણ કરવા માટે તમે ઘરે ઘણું બધું કરી શકો છો.

*અમે આ દસ્તાવેજને "શાળામાં પહેલું વર્ષ શરૂ કરવાની" વ્યાખ્યા કહી રહ્યાં છીએ. કેટલાક લોકો/સંસ્થાઓ તેને 'શાળા માટેની સજ્જતા' કહે છે.

### હું મારા બાળકને તૈયાર થવામાં કઈ રીતે મદદ કરી શકું?

- તમારું બાળક શાળા શરૂ કરે ત્યારે તેણે ઘણી બધી નવી પ્રવૃત્તિઓ અને દિનચર્યાઓથી પરિચિત થવાનું હશે. કેટલીક બાબતો એવી હશે જે તેમણે અગાઉ કરી હોઈ શકે તેના કરતાં વધુ સ્વતંત્રતાપૂર્વક કરવાની તેમને જરૂર પડશે.
- સંશોધન દર્શાવે છે કે બાળકોના વિકાસમાં બાળકોનો તેમના માતાપિતા સાથેનો સંબંધ સૌથી મહત્ત્વનું પરિબળ છે, અને એવી ઘણી બધી બાબતો છે જે તમે ઘરે કરી શકો છો.
- તમારું બાળક તમારી સાથે અથવા અન્ય સંભાળકર્તા સાથે ઘરે હોય ત્યારે તમે એક પરિવાર તરીકે આનંદદાયક પ્રવૃત્તિઓ (અમે આ સંસાધનને અંતે લિંક્સનો સમાવેશ કર્યો છે) ની પ્રેક્ટિસ કરી શકો છો.
- આમાંના કેટલાંક કૌશલ્યોમાં નિપુણ બનતા વાર લાગે છે, તેથી તેને તમારી દૈનિક દિનચર્યાના એક ભાગ તરીકે ધીમેધીમે દાખલ કરવામાં આવે તે સારું છે.



### વધુ જાણકારી મેળવો

શાળામાં પહેલા વર્ષ માટે તમારા બાળકને તૈયાર થવામાં કઈ રીતે મદદ કરવી તે વિશેની વધુ માહિતી માટે અને વધારાની જરૂરિયાતો ધરાવતા બાળકોને સમર્થન આપવા અંગેની માહિતી માટે QR કોડ સ્કેન કરો અથવા **https://startingreception.co.uk** ની મુલાકાત લો.